# મચ્છરોના ભરડામાં ગાંધીનગર, દર્દીઓથી ઉભરાયા દવાખાના

ગાંધીનગર, તા. ૨૯

'વરસાદ વરસાદ...' કરીને આ વખતે એટલી બધી પ્રાર્થના કરી કે મેઘરાજા નોટઆઉટ થવાનુ નામ નથી લેતા... એક...બે દિવસ થાય ત્યાં તો મેઘરાજા બધડાટી બોલાવી દે છે... હજુ બે મહિના પહેલા કોરાધાકોર રહેલા તળાવો, સરોવરો, બંધો છલકાઈને ચારેબાજુ પાણી પાણી કરી રહ્યાં છે. નાના નાના નાળાં, વોકળાં અને ખાબોચિયાં સુદ્ધાં છલકાઈ ગયા છે... ચોતરફ વરસાદી આનંદ છવાયો છે. વરસાદી વાતાવરણ આપણા મનને બહેલાવે છે... આજ વાતાવરણ મચ્છરો અને જીવજંતુઓના ઉપદ્રવ માટે સ્વર્ગ બની ગયુ છે. મચ્છરોનો ઉપદ્રવ વધતા ઘેર ઘેર ડેન્ગ્યુ, મેલેરીયા, તાવના ખાટલા છે. મચ્છરોના ઉપદ્રવની સાથોસાથ ડૉક્ટરો અને લેબવાળાઓને પણ સિઝન જામી છે. દવાખાનાઓ દર્દીઓથી ઉભરાઈ રહ્યાં છે. અને બિચારા મહાનગરપાલિકાની આરોગ્ય શાખાના કર્મચારીઓની નિંદર હરામ

## ટાઈમ પ્લીઝ

થઈ ગઈ છે... ના... ના કંઈ એમને મચ્છરો નથી કરડતાં પણ છાપામાં મચ્છરજન્ય રોગચાળાના સમાચારો વધે એટલે તેમને ઘેર ઘેર મચ્છરો શોધવા નીકળવુ પડે... ફોગીંગ કરવુ પડે. ટાંકાઓમાં અને અન્ય સ્થળોએ ગપ્પી માછલીઓ મુકવી પડે... તમારા ઘરના કુંડાઓમાં, કૂલરમાં, ફ્રીજની ટ્રે મચ્છરોના ઉપદ્રવનું સ્થાન ન બને તે માટે ઘેર ઘેર જઈ સમજ પણ આપવી પડે ને...

વળી મચ્છરો પણ એક જાતના ક્યાં હોય છે... દિવસે ફરનારા અને રાત્રે લોહી પીનારા મચ્છરો અલગ અલગ હોય છે. એડિસ એજિપ્તી મચ્છરથી ડેન્ગ્યુ ફેલાય અને દિવસે ફરે... જ્યારે એનોફિલીસ મચ્છર મોટા ભાગે રાત્રે કરડે છે અને મેલેરિયા ફેલાવે છે. આ ઉપરાંત રાત્રે આવી કાનમાં ગણગણાટ કરી મુકતા કલૂલકેસી પ્રકારના મચ્છરો કરડવાથી મગજનો તાવ આવે છે. મચ્છરપોનો ઉપદ્રવ અગાઉ હતો જ પરંતુ તેનાથી ફેલાતા રોગો દિન પ્રતિદિન વધુને વધુ જીવલેણ બની રહ્યા છે તેનુ એક કારણ એ છે કે આ મચ્છરોના પરોપજીવીઓએ દવા પ્રતિરોધી ક્ષમતા વિકસાવી છે. જેના કારણે ડેન્ગ્યુ, મેલેરીયા, ચીકનગુનિયાની દવા અસરકારકતા ગુમાવી રહી છે. નવી દવાઓ વિકસાવવામાં વૈજ્ઞાનિકો લાગી ચૂક્યા છે. જોકે ત્યાં સુધી તો મચ્છરોનો ઉપદ્રવ ઘટાડવા અને તે કરડે નહી તેની કાળજી તો આપણે રાખી જ શકીએ ને... સાવચેતી એ જ સમજદારી...

# શંભુજી ઠાકોર વિધાનસભાની સમિતિના ચેરમેનપદે વરાયા

ગુજરાત વિધાનસભાની ૧૪ જેટલી જુદી જુદી મહત્વની સમિતિઓની ચૂંટણીનું પરિણામ આજે જાહેર થયુ છે. વિધાનસભાની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કલ્યાણ માટેની સમિતિના ચેરમેન તરીકે ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોરની વરણી કરવામાં આવી છે. આ ઉપરાંત વિધાનસભાના નિયમો માટેની સમિતિમાં ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિમાં બલરાજસિંહ ચૌહાણની તથા સદસ્ય નિવાસ સમિતિમાં માણસાના ધારાસભ્ય સુરેશભાઈ પટેલની સભ્ય તરીકે નિમણુંક થઈ છે.

# ભારત ૨૦૨૨માં દુનિયાની ત્રીજા નંબરની વિકસિત આર્થિક વ્યવસ્થા બનશે : અમિત શાહ

**નવુ ભારત બહુ જ મહત્વકાંક્ષી દેખાઇ રહ્યુ છે : દેશ આજના તેજસ્વી યુવાનોના સલામત હાથમાં છે : મુકેશ અંબાણી : વિદ્યાર્થીઓ સ્પર્ધાનો નહીં સહકારનો અભિગમ મજબુત બનાવે : મુખ્યમંત્રી**

ગાંધીનગર તા ૨૯

પી ડી પી યુ સંકુલ ખાતે આજે યોજાયેલા સાતમા દિક્ષાંત સમારોહ દરમિયાન દેશના ગૃહ મંત્રી અમિત શાહે જણાંવ્યુ હતુ કે આગામી વર્ષ ૨૦૨૨ માં દુનિયાની ટોપ થ્રી વિકસિત આર્થિક વ્યવસ્થા ધરાવતા દેશમાં ભારતનો સમાવેશ થશે. જયારે ૫ ટ્રીલીયન ડોલર ઈકોનોમી કરવા માટે ઉર્જા અને પેટ્રોલિયમ ક્ષેત્રનુ નોંધપાત્ર યોગદાન અનિવાર્ય હોવાનુ પણ તેમણે જણાંવ્યુ હતુ. પી ડી પી યુના વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરી શુભેચ્છા પાઠવતા તેમણે જણાંવ્યુ હતુ કે વિદ્યાર્થીકાળ બાદ શરૂ થતા નવા જીવનમાં નાનો લક્ષ્ય ન રાખશો. હવે પર્યાવરણના યુગની શરૂઆત થશે ત્યારે ગ્લોબલ વોર્મિંગ તેમજ કલાઈમેટ ચેન્જની ચિંતા કરવાની સાથે પી ડી પી યુ સંકુલમાં પ્લાસ્ટીકના રીસાઈકલીંગ તેમજ ઈકો ફ્રેન્ડલી





અનુસંધાન પાના - ૭ પર

## પદવીદાનની સાથે સાથે...

- ગાંધીનગરમાં પંડિત દિનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટી પદવીદાન કાર્યક્રમ યોજાયો
- પાસઆઉટ થનાર વિદ્યાર્થીઓને ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી
- ૧૨ વર્ષ પહેલા બનેલી યુનિવર્સિટીને ટૂંકમાં જ વિશ્વની ટોપ યુનિવર્સિટીમાં સ્થાન અપાવવા અમિત શાહ અને મુકેશ અંબાણીએ દાવો કર્યો
- પદવીદાનમાં યુનિવર્સિટીના ડિરેક્ટર મુકેશ અંબાણી, વિજય રૂપાણી ઉપસ્થિત રહ્યા
- અમિત શાહે મોદી સરકારની સિદ્ધિઓનો ઉલ્લેખ કર્યો
- મુકેશ અંબાણીએ યુનિવર્સિટીના ફેકલ્ટી, વિદ્યાર્થીઓ અને તેમની કામગીરીની પ્રશંસા કરી
- વિદ્યાર્થીઓને નાના સપનાઓ નહીં જોવા માટે સૂચન કર્યું
- અમદાવાદ તો વાણિયાનું સિટી કહેવાય તેમ કહીને મુકેશ અંબાણીએ તમામનું ધ્યાન ખેંચ્યું
- મુકેશ અંબાણીએ સંબોધનના અંતે જય શ્રીકૃષ્ણ કહીને તમામના દિલ જીતી લીધા
- પદવીદાન કાર્યક્રમના ભાગરુપે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી
- મુકેશ અંબાણીએ ભારતનું ભાવિ સુરક્ષિત હાથમાં હોવાની વાત કરી
- સુરક્ષા વ્યવસ્થા મજબૂત રાખવા માટે અનેક કારણો હોવાથી પહેલાથી જ વિવિધ પગલા લેવાયા
- ૭ ડીવાયએસપી, નવ પીઆઈ, ૪૦ પીએસઆઈ, પાંચ મહિલા પીએસઆઈ, ૪૧૦ પોલીસ જવાનો કાર્યક્રમને લઈને ગોઠવવામાં આવ્યા
- વિદ્યાર્થીઓ, વાલીઓ, ફેકલ્ટી સ્ટાફ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત
- ૩૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાઈ

# ગાંધીનગર જિલ્લાને રાજ્યનો શ્રેષ્ઠ જિલ્લો બનાવીએ : અમિત શાહ

**૨જી ઓક્ટો. સુધીમાં સ્મોક ફ્રી જિલ્લો બને તે જોવા આગ્રહ : આવાસ-આરોગ્ય-શિક્ષણના પ્રશ્નોના અંતરાયો દૂર કરવા અધિકારીઓ જાતે જ મંથન કરે : શાહ : સ્વચ્છતા અભિયાન અને નલ સે જલના મુદ્દા પણ ચર્ચાયા**

ગાંધીનગર જિલ્લાને ગ્રીન-ક્લીન અને પર્યાવરણ પ્રિયની સાથે રાજ્યનો શ્રેષ્ઠ જિલ્લો બનાવવા સૌનો સાથ સૌનો વિકાસના મંત્ર સાથે સહિયારો પુરૂષાર્થ કરવા કેન્દ્રીય ગૃહમંત્રીએ આજે દિશાની પ્રથમ બેઠકમાં સૌને અનુરોધ કર્યો હતો.

આરોગ્ય-આવાસ યોજનાના લક્ષ્યાંકની પૂર્તિ સાથે તેમણે સ્મોક ફ્રી જિલ્લો પણ બને તે માટે તંત્રના અધિકારીઓને અનુરોધ કર્યો હતો.

નલ સે જલ યોજના અને જિલ્લામાં જળસંચય અભિયાનની સઘન અમલવારી કરવાની સાથે સાથે પરંપરાગત ખેતીને બદલે આધુનિક ખેતી તરફ કિસાનો વળે તે દિશામાં પ્રયાસો કરવા જણાવ્યુ હતુ.

સ્વચ્છતા મિશનમાં પણ જે કામગીરી બાકી છે તેના લક્ષ્યાંકોની સિદ્ધિ માટે રોડમેપ તૈયાર કરી આગળ વધવાનું સૂચન તેમણે કર્યુ હતુ. ખાસ કરીને આવાસ યોજના અને શિક્ષણના જે પ્રશ્નો છે તેમાં અધિકારીઓ જ તેના ઉત્તરો શોધે અને ઝડપથી આ વિકલ્પોની દિશામાં કામગીરી હાથ ધરે તે જરૂરી હોવાનો આગ્રહ કર્યો હતો.

બેઠકમાં કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે કલોલ તાલુકામાં તળાવો ઊંડા કરાયા પછી નીકળેલી માટીનો ઉપયોગ ફ્રેટ કોરીડોર માટે કરવામાં આવ્યો હોવાને લઈ સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.

શૌચાલયો બનાવવામાં



થયેલી ગેરરીતિના મુદ્દે તંત્રમાં ધીમી ગતિએ ચાલતી તપાસને લઈ પણ તેમણે નારાજગી પ્રગટ કરી હતી. આયુષ્યમાન ભારત યોજનાની ચર્ચા દરમ્યાન મંત્રી શાહે ઉજ્જવલા યોજનામાં ઘર કે ઝુંપડુ ગેસ કનેક્શનથી વંચિત ના રહે અને ૨ ઓક્ટો. સુધી જિલ્લો સ્મોક ફ્રી જિલ્લો બને તે રીતે કાર્યવાહી કરવા આગ્રહ કર્યો હતો.

આયુષ્યમાન ભારત વિશે ઉલ્લેખ કરી તેમણે જણાવ્યુ હતુ કે દરેક ગામને હોસ્પિટલથી પંદર કિલોમીટરના અંતરે જોડવામાં આવે તે જરૂરી છે. સ્માર્ટ સીટી પ્રોજેક્ટના ધીમા અમલીકરણ અંગે તેમણે આડકતરી નારાજગી વ્યક્ત કરતાં કહ્યુ હતુ કે લક્ષ્યાંક સિદ્ધિ મહત્વની છે.

આજની આ બેઠકમાં સાંસદ એચ.એલ.પટેલ તથા શારદાબેન પટેલ, ધારાસભ્યો ડૉ. સી.જે. ચાવડા, બળદેવજી ઠાકોર, સુરેશભાઈ પટેલ, શંભુજી ઠાકોર, બલરાજસિંહ ચૌહાણ, મેયર રીટાબેન પટેલ, જિલ્લા કલેક્ટર લાંગા, જિલ્લા વિકાસ અધિકારી રાવલ, મ્યુનિ. કમિશ્નર ડૉ. રતનકંવર ગઢવી(ચારણ), નિવાસી અધિક કલેક્ટર જાડેજા, ગ્રામ વિકાસ એજન્સીના નિયામક બ્રહ્મભટ્ટ તેમજ વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



સંત સરોવરમાં નવા નીર....

# ગુડા વિસ્તારની ૮ કન્સ્ટ્રક્શન સાઈટ અને બે રહેઠાણની સોસાયટીઓને મેલેરિયા તંત્રે નોટીસ આપી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરની આસપાસના વિસ્તારોમાં ચાલતી બાંધકામ સાઈટો અને રહેઠાણની સોસાયટીઓના વિસ્તારમાં જિલ્લા મેલેરિયા તંત્રની ટીમો ત્રાટકી હતી. જેમાં ૮ બાંધકામ સાઈટના સંચાલકો અને બે રહેઠાણ સોસાયટીના પ્રમુખ-મંત્રીને મચ્છરોના ભારે બ્રીડીંગ મળતાં નોટીસો આપવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ગુડાની એમ.આઈ.જી.-૨નું કન્સ્ટ્રક્શન કામ કરતી દિપેન કન્સ્ટ્રક્શન કંપનીની સાઈટ પર સૌથી વધુ મચ્છરના બ્રિડીંગ મળતાં તંત્રની ટીમો ચોંકી ઉઠી હતી. આ કન્સ્ટ્રક્શન સાઈટના સંચાલકોને આજે ત્રીજીવાર નોટીસ આપી અને ચેતવણી આપવામાં આવી છે કે જો હવે પછી પગલાં નહિ લેવાય તો આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આ ઉપરાંત ખાખરીયા સમાજની વાડીમાંથી પણ મચ્છરના બ્રિડીંગ મળતાં તેમને પણ ત્રીજી નોટીસ આપવામાં આવી છે.

શ્રીફળ હાઈટ્સ અને શુકન આઈ ફ્લેટના હોદ્દેદારોને પણ મચ્છરના બ્રિડીંગ મળતાં નોટીસ તંત્રની ટીમો દ્વારા આપવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે કુડાસણની કન્સ્ટ્રક્શન સાઈટોના સંચાલકો તેમજ સરગાસણની પાંચ કન્સ્ટ્રક્શન સાઈટોના સંચાલકોને તંત્રની ટીમ દ્વારા નોટીસ આપવામાં આવી છે.

જિલ્લામાં વાહકજન્ય રોગચાળાની સ્થિતિ વકરે નહિ તેથી દર સપ્તાહે તંત્રની ટીમ દ્વારા વિવિધ વિસ્તારોમાં સર્વેલન્સ અને તપાસની કામગીરી સઘન રીતે કરવામાં આવી રહી છે.

જિલ્લામાં આ વખતે ડેન્ગ્યુના કેસો છુટાછવાયા મળવાના ચાલુ થયા છે જ્યારે મેલેરિયાના કેસોમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. કુડાસણ, સરગાસણ, વાવોલ, સુઘડ તેમજ બીજા કેટલાક ગ્રામ્ય વિસ્તારો જે વાહકજન્ય રોગચાળા માટે સંવેદનસીલ ગણવામાં આવી રહ્યા છે અને તંત્રની ટીમોએ ત્યાં તેની કામગીરીને વધુ સઘન બનાવી છે.

# વિપક્ષના બહિષ્કાર વચ્ચે પંચાયતની સામાન્ય સભા સંપન્ન

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળેલ ખાસ સામાન્ય સભાનો વિપક્ષ ભાજપે બહિષ્કાર કરતાં રાજકીય ઉત્તેજનાઓ વિના શાંતિપૂર્ણ રીતે સભા સંપન્ન થઈ ગઈ હતી.

આજની આ બેઠકમાં શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓના એકીકરણનો વિરોધ કરતો પ્રસ્તાવ પસાર કરાયો હતો. જો કે શિક્ષણ વિભાગે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે સરકારે આ બાબતમાં અહેવાલ જરૂર માંગ્યો છે પણ નિર્ણય લેવાયો નથી. શાળાઓના એકીકરણ માટે કોઈજ વાત હાલના તબક્કે છે નહિ.

શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લાની ૨૯ જેટલી શાળાઓના એકીકરણ માટેની દરખાસ્ત તૈયાર કરવામાં આવી હોવાનું જણાવી આ કાર્યવાહીનો વિરોધ કરતો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત આજની સામાન્ય સભામાં આગામી ૨જી ઓકટો.થી એક સપ્તાહ સુધી જિલ્લાની વિવિધ શાળાઓ તેમજ સંસ્થાઓમાં ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ ઉજવણીના કાર્યક્રમોનું આયોજન કરવા તેમજ આ કાર્યક્રમોમાં પંચાયતના ચુંટાયેલા સદસ્યોને હાજર રાખવાની સૂચના આપતો નિર્ણય પણ કરવામાં આવ્યો હતો.

પંચાયત પ્રમુખ શ્રીમતિ મંગુબેન પટેલ (ચૌધરી)ના અધ્યક્ષપદે મળેલ આ બેઠકમાં ત્રણ જેટલા અધ્યક્ષ સ્થાનેથી પ્રસ્તાવ પણ રજુ કરાયા હતા જેનો સભાગૃહે સ્વીકાર કર્યો હતો.

બેઠક ૨૦થી ૨૫ મિનિટમાં જ સંપન્ન થઈ જવા પામી હતી. આજની આ ખાસ સામાન્ય સભાનો ભાજપે બહિષ્કાર કર્યો હતો. આજના એજન્ડાને પક્ષની વિચારધારા સાથે જોડવાના હેતુસર બેઠક બોલાવી હોવાથી બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો હોય તેમ તેના અંતરંગ વર્તુળોમાંથી જાણવા મળેલ છે.


ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


# રાજ્યમાં ૩૫ જળાશયો છલકાયા

ચોમાસાની ઋતુમાં રાજ્યમાં વરસી રહેલા સર્વત્ર વરસાદને પરિણામે અત્યાર સુધીમાં એટલે કે ૨૯મી ઓગસ્ટ સવારે ૮ કલાકની સ્થિતિએ રાજ્યના કુલ ૨૦૪ જળાશયોમાંથી ૩૫ જળાશયો ૨૫થી ૫૦ ટકા વચ્ચે ભારયા છે જ્યારે ૩૫ જળાશયો છલાયા છે. ૫૪ જલાશયો ૭૦થી ૧૦૦ ટકા તેમજ ૨૨ જળાશયો ૫૦થી ૭૦ ટકા વચ્ચે ભરાયા છે. સરદાર સરોવર જળાશય કુલ સંગ્રહશક્તિના ૮૫.૩૩ ટકા ભરાયું છે તેમ રાજ્યના જળ સંપત્તિ વિભાગ દ્વારા મળેલા અહેવાલમાં જણાવાયું છે. રાજ્યમં હાલ ૫૦૦૦ ક્યુસેક તથા તેથી વધુ પાણીની આવક ધરાવતા જળાશયોમાં સરદાર સરોવરમાં ૪૪૬૭૨૫, કડાણામાં ૮૪૫૨૨, ઉકાઈમાં ૭૦૭૬૩, વણાકબોરીમાં ૬૯૩૫૭, પાનમમાં ૬૧૪૮ ક્યુસેકનો સમાવેશ થાય છે. ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૮૨.૮૫ ટકા, કચ્છના ૨૦ જળાશયોમાં ૬૬.૨૯ ટકા અને સૌરાષ્ટ્રના ૧૩૯ જળાશયોમાં ૫૪.૭૯ એમ રાજ્યમાં કુલ ૨૦૪ જળાશયોમાં હાલ સંગ્રહાયેલ પાણીનો કુલ જથ્થો ૭૩.૮૯ ટકા એટલે કે ૪૧૧૩૫૮.૬૬ મીટર ઘનફૂટ પાણીનો જથ્થો છે.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com